# Surat Municipal Corporation

## e-Magazine

Issue 1
May 15, 2005




### 'શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫'

ગુજરાતના ગામડાઓનો બહુવિધ અર્થમાં વિકાસ થાય તે માટેના અનેક સક્રિય આયોજનો ગતિમાં આણ્યા બાદ ગુજરાત સરકાર સમગ્ર દેશમાં સાવ મૌલિક અને દીર્ઘદ્રષ્ટિભર્યો શહેરી વિકાસનો અભિગમ અપનાવવા સક્રિય બની છે. આ સક્રિયતાનો  આલેખ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫' અંગેના ૧ ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ ગાંધીનગરમાં યોજાયેલા સમારંભમાં અનેક વિગતો સાથે આપ્યો....

વધુ માટે કલીક કરો >>>

### સમૃધ્ધિના પંથે સૂરત



તાપી નદીને કાંઠે તેરમી સદી પહેલાનું નાનું ગામ જેનો પંદરમી અને સોળમી સદીના આરંભે વિકાસ પામેલ સૂર્યપુર જે  સમય જતાં વિકાસ થઈને મુંબઈ રાજયની જુનામાં જુની આ સૂરત સુધરાઈની પહેલી બેઠક ૧૫ મે ૧૮૫૨ના રોજ મળી હતી. સૂરત સુધરાઈએ શહેરીજનો માટે રહેઠાણ, પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ, ડ્રેનેજ વિગેરે જેવી પ્રાથમિક જરૂરિયાતોથી શરૂ કરેલી કામગીરીમાં સમય જતાં પ્રજાલક્ષી.......

વધુ માટે કલીક કરો >>>



### કાર પાર્કિંગ માટે કમ્પ્યુટરાઈઝડ મલ્ટી લેવલ પાર્કિંગ

શહેરમાં રજીસ્ટર્ડ થયેલ કુલ  વાહનોની સંખ્યા અંદાજે ૧૦ લાખની છે. વાહન પાર્કીંગની સમસ્યાનો અંત લાવવા મહાનગરપાલિકાનો ભગીરથ આયોજન.  કમ્પ્યુટરાઈઝડ મલ્ટી લેવલ પઝલ પાર્કિંગ ની દિશામાં  પ્રયાણ ....

વધુ માટે કલીક કરો >>>

### મિલકતવેરામાં ૧૦ % અને ૭ %  વળતરનો કરદાતાઓએ ઉઠાવેલ ભરપુર લાભ



હાલમાં એપ્રિલ–૨૦૦૫ માં ૧૦ % વળતરની સ્કીમનો લાભ ૧,૧૬,૬૭૪ કરદાતાઓએ લીધો હતો. જેમાં રૂા. ૩૧ કરોડ ૭૧ લાખની વસૂલાત થવા પામી છે. જયારે આગળના વર્ષે ૨૦૦૪ માં એપ્રિલ માસમાં ૧૦ % વળતરની સ્કીમનો લાભ ૬૮૫૪૩ કરદાતાઓએ લીધો હતો અને રૂા.૨૩ કરોડ ૯૪ લાખ ની વસૂલાત થવા પામી હતી....

વધુ માટે કલીક કરો >>>



### શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં દોઢ લાખ વૃક્ષો ઉપરાંત વિવિધ પ્રકારનાં ફુવારાઓથી શહેર મનોરમ્ય, છાયા, સુગંધમય બનશે

શહેરના પર્યાવરણનું શુધ્ધિકરણ અને સાથે સાથે જ તેના સૌંદર્યનું જતન, નાગરિકો માટેની સગવડમાં ઉમેરો જેવી બાબતોની ખેવના માટે સુરત મહાનગરપાલિકા સતત આયોજનો કરતી રહે છે....

વધુ માટે કલીક કરો >>>

## 'શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫'

ગુજરાતના ગામડાઓનો બહુવિધ અર્થમાં વિકાસ થાય તે માટેના અનેક સક્રિય આયોજનો ગતિમાં આણ્યા બાદ ગુજરાત સરકાર સમગ્ર દેશમાં સાવ મૌલિક અને દીર્ઘદ્રષ્ટિભર્યો શહેરી વિકાસનો અભિગમ અપનાવવા સક્રિય બની છે. આ સક્રિયતાનો આલેખ રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫' અંગેના ૧ ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ ગાંધીનગરમાં યોજાયેલા સમારંભમાં અનેક વિગતો સાથે આપ્યો. રાજયના દરેક નગરોની મહાનગરપાલિકાઓના પ્રતિનિધીઓ અને અધિકારીઓની હાજરીવાળા સમારંભમાં રાજય પ્રધાનમંડળના અનેક મંત્રીશ્રીઓ વચ્ચે સમારંભ અધ્યક્ષ તરીકે સંબોધતા શ્રી નરેન્દ્રમોદીએ નગરવિકાસનું આહવાન કર્યુ હતું.શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે વીત્યા ૪૫ વર્ષમાં શહેર વિકાસનું જે કામ નથી થઈ શકયું તે માત્ર એક જ વર્ષમાં કરવા રાજય સરકારે વિચાર્યુ છે. રૂપિયા ૧૧૦૦૦ કરોડના પ્લાન સાથે રાજયના દરેક નગરના નાગરિકોને સુખદ પ્રતીતિ થાય એ રીતે આ કામ પાર પાડવા રાજય સરકારના વિધવિધ વિભાગો પણ પૂરા સક્રિય થશે તેવું કહી શ્રી મોદીએ કહયું હતું કે નગર વિકાસ વર્ષનું આયોજન સરકારના જૂદા જૂદા વિભાગના અધિકારીઓ સાથેના ગહન વિચાર મંથન પછી અમલમાં મુકાયું છે.





નગર વિકાસ વર્ષ–૨૦૦૫ના આર્થિક ખર્ચ બાબતે ગુજરાતના નગરોમાં વીત્યા વર્ષમાં વધેલી કરવસૂલીનો આંકડા સાથે આલેખ આપી મુખ્યમંત્રીશ્રીએ બદલાયેલા નગરમાનસ વિશે ઉમેર્યુ હતું કે નગરજનોનો અભિગમ હવે બદલાઈ રહયો છે અને તેઓ રાજયના વિકાસમાં સહભાગિતા માટે તત્પર બન્યા છે. શ્રી મોદીએ સાથે એ પણ તાકિદ કરી હતી કે જૂદા જૂદા નગરોને તેના કામના દેખાવના આધારે સરકાર આ વર્ષે મદદ કરશે અને સાથે જે જે કામો ચાલુ છે તેને પણ આ વર્ષે જ પૂરા કરાશે.

શહેર વિકાસના કામોમાં શહેરી ગરીબો પર પૂરતું ધ્યાન આપી શકાય તે માટે પણ ચુસ્ત માળખું ઉભું કરાશે. સિનીયર સિટીઝન્સ પણ સમગ્ર શહેરના વાતાવરણને સુધારવામાં મદદ કરે તે માટે તેમની ભાગીદારી વધારાશે અને સાથે જ જે તે શહેરના હેરીટેજ બિલ્ડીંગની જાળવણી માટે, ગૌરવ સભાનતા માટે પ્રયત્નો કરાશે. જે રાજયમાં ૪૦ ટકા શહેરી વસ્તી હોય તેના નગરમાં પંચવટી કેમ ન હોય એવા આહવાનભર્યા પ્રશ્નાર્થ સાથે મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે દેશભરના લોકોને શહેરી વિકાસની દિશા ગુજરાતમાંથી મળે એ માટે મિશનરી ઝીલથી સમૃધ્ધ ગુજરાતનું લક્ષ્ય પાર પડાશે. શ્રી નરેન્દ્ર મોદીના દીર્ઘદ્રષ્ટિભર્યા, તર્કબધ્ધ, સુનિયોજીત શહેરી વિકાસના આ આલેખને સભામાં ઉપસ્થિત રાજય પ્રધાન મંડળના સૌ મંત્રીશ્રીઓ અને રાજયના દરેક નગરથી આવેલા પ્રતિનિધીઓએ વધાવી લીધો હતો.

TOP

## સમૃધ્ધિના પંથે સુરત

તાપી નદીને કાંઠે તેરમી સદી પહેલાનું નાનું ગામ જેનો પંદરમી અને સોળમી સદીના આરંભે વિકાસ પામેલ સૂર્યપુર જે સમય જતાં વિકાસ થઈને મુંબઈ રાજયની જુનામાં જુની આ સુરત સુધરાઈની પહેલી બેઠક ૧૫ મે ૧૮૫૨ના રોજ મળી હતી. સુરત સુધરાઈએ શહેરીજનો માટે રહેઠાણ, પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, રસ્તાઓ, ડ્રેનેજ વિગેરે જેવી પ્રાથમિક જરૂરિયાતોથી શરૂ કરેલી કામગીરીમાં સમય જતાં પ્રજાલક્ષી પ્રશ્નો અને જરૂરિયાતોને પ્રાધાન્ય આપી પુલો, જળાશયો, હોસ્પીટલો, ટાઉન હોલ, સંગ્રહસ્થાન, બગીચાઓ, અગ્નિશમન, લાયબ્રેરી જેવી સુવિધાઓ પૂરી પાડવાથી માંડી શહેરની હદ વિસ્તરણ તેમજ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી છેલ્લા એક દાયકામાં " સ્વચ્છ સુરતનું " બિરૂદ મેળવીને સમગ્ર દેશમાં શહેરનું નામ રોશન થયું હતું. ત્યારપછી મહાનગરપાલિકાએ એ જ વિકાસ ક્રમ જાળવી રાખ્યો અને આંતર રાષ્ટ્રીય કક્ષાના સ્વીમીંગ પુલો, ઈન્ડોર સ્ટેડિયમ, ફલાયઓવર બ્રિજીસ, પાણી પુરવઠો તથા સેનીટેશન અને ડ્રેનેજના ક્ષેત્રોમાં પણ મોટા પ્રોજેકટો તથા અન્ય શહેરીજનોની સુવિધાઓ પુરી પાડવામાં રાજય માંજ નહીં પરંતુ સમગ્ર દેશમાં અગ્રેસર રહી છે. ઉપરાંત શહેરના ઐતિહાસિક સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાને જાળવવામાં પણ સુરત મહાનગરપાલિકાનો અમૂલ્ય ફાળો રહયો છે. હાલના કોમ્પ્યુટર અને ઈલેકટ્રોનીક યુગમાં આ મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ વિસ્તારોમાં સીટી સીવીક સેન્ટર (નાગરીક સુવિધા કેન્દ્રો), અંધજનો માટેની લાયબ્રેરી, ઈ–ગર્વનન્સ, સુરત સીટી ગેલેરી જેવા મોટા પ્રોજેકટો સફળતા પૂર્વક પાર પાડયા બાદ હવે સુરત મહાનગરપાલિકા એક નવું સોપાન " ઈ – મેગેઝીન " પ્રજા સમક્ષ રજુ કરી રહયું છે, ઉપરાંત પ્રજાભિમુખ વહીવટના ભાગરૂપે વરિષ્ઠ નાગરીકોની સેવામાં જે વરિષ્ઠ નાગરીકો વાંચનાલય સુધી જવામાં અશકત હોય તેવા વરિષ્ઠ નાગરીકોની વાંચન ભૂખ સંતોષવા તેઓની પસંદગીના પુસ્તકો નર્મદ લાયબ્રેરી મારફત ઘરબેઠાં પહોંચાડવામાં આવશે અને પરત પણ મહાનગરપાલિકા ધ્વારા જ લઈ જવામાં આવે એવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકા પોતાની અવિરત વિકાસની આગેકૂચ જારી રાખી શહેરીજનોને ટુંક સમયમાં એક અદ્યતન સાયન્સ સેન્ટર, આર્ટગેલેરી, મ્યુઝીયમ, પ્લેનેટોરીયમનો વિશાળ અને અદભૂત પ્રોજેકટ અર્પણ કરી રહેલ છે, ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને કલા વારસાની જાળવણી અને પ્રચાર પ્રસારઅને યોગ્ય પ્રતિભાઓના વિકાસ હેતુ વધુ એક અદ્યતન ઓડીટોરીયમ પણ પ્રજાને અર્પણ કરી રહેલ છે, સૂરત શહેરના અવિરત વિકાસના પરિણામ સ્વરૂપ આજે દેશના મેટ્રો સીટી બનવા તરફ પ્રયાણ કરી રહેલ સૂરતમાં કાશ્મીરથી માંડીને કન્યાકુમારી સુધીના " મીની ભારતનું " નિર્માણ થવા પામેલ છે અને ઉત્સવ ઘેલી આ પ્રજાએ પર પ્રાંતની પ્રજાને, અને તેના તહેવારો, રીતી રિવાજોને અપનાવી પોતીકાપણાનો અહેસાસ દરેકને કરાવ્યો છે.





TOP

## કાર પાર્કિંગ માટે કમ્પ્યુટરાઈઝડ મલ્ટી લેવલ પાર્કિંગ



ટુંક સમયમાં સુરત શહેરની વસ્તી ૪૦.૦૦ લાખ જેટલી થવાની સંભાવના છે. વસ્તીના વિસ્ફોટની સાથોસાથ સુરત શહેરમાં કુલ વાહનોની સંખ્યા પણ અન્ય શહેરોની સરખામણીએ ખૂબજ નોંધપાત્ર રીતે વધી રહેલ છે. શહેરમાં રજીસ્ટર્ડ થયેલ કુલ વાહનોની સંખ્યા અંદાજે ૧૦ લાખની છે. વાહનોની આ અકલ્પનીય સંખ્યાને કારણે શહેરમાં પાર્કિંગની સમસ્યા ઉભી થવા પામેલ છે. આ "વાહન પાર્કીંગ" ની સમસ્યાનો કુનેહભર્યો ઉકેલ જરૂરી છે.



આ માટે ઓછી જગ્યામાં કોમ્પ્યુટરાઈઝડ મલ્ટીલેવલ પાર્કીંગ વિચારવામાં આવેલ છે. જેમા ગ્રાઉન્ડ લેવલ ત્ર ૩ માળ સુધીમાં ગાડીઓ પાર્ક કરી શકાય છે. તમામ ઓપેરશન સ્વયંસંચાલિત રીતે થાય છે. જુદી જુદી કેપેસીટી ડિમાન્ડ મુજબ આ પ્રકારનું પાર્કિંગ ઓછી જગ્યામાં વધુમાં વધુ કાર સમાવી શકાય તે માટે ઈન્સ્ટોલ કરી શકાય છે. ફકત ૨૦.૪૦ મીટર ૨ ૧૦.૭૦ મીટર જેટલી જગ્યામાં જમીન લેવલે જયારે ફકત ૮ કાર પાર્ક થઈ શકે ત્યારે કોમ્પ્યુટરાઈઝડ મલ્ટીલેવલ પાર્કીંગમાં ૨૧ કાર પાર્ક થઈ શકે છે. વધુમાં મલ્ટીલેવલ ૩ સ્ટેજ ઓવરહેડ ટાઈપ પઝલ પાર્કિંગ સિસ્ટમમાં કાર તેના ફલોટમાં મૂકવા તથા કાઢવાનો સમય ફકત એકજ મીનીટનો લાગે છે.

કોમ્પ્યુટરાઈઝડ મલ્ટીલેવલ પાર્કીંગ સીસ્ટમ મોડયુલ બેઝ હોય છે. દરેક મોડયુલમાં કાર મુકવાનુ એક ખાનુ (સ્લોટ) હંમેશા ખાલી રાખવામાં આવે છે જે ઉપર નીચે તથા આજુ બાજુ ઓટોમેટીક ખસી શકે છે અને વયનકબધ .ગરરીભ મુજબ કારનુ પાર્કિંગ આ સ્લોટમાં થઈ શકે છે. જેથી આ સીસ્ટમને પઝલ ટાઈપ પાર્કિંગ સિસ્ટમ કહે છે.

પઝલ ટાઈપ પાર્કિંગ સિસ્ટમ સ્થાપીત કરવા સુરત મહાનગરપાલિકાએ ટેન્ડરો માંગેલ છે. જેને શહેરીજનોનો બહોળો પ્રતિસાદ મળેલ છે.

TOP

## મિલકતવેરામાં ૧૦ % અને ૭ % વળતરનો કરદાતાઓએ ઉઠાવેલ ભરપુર લાભ

સુરત મહાનગરપાલિકા મિલકત વેરા અને શિક્ષણ ઉપકર વસુલાતમાં સમગ્ર રાજયમાં અગ્રતાક્રમ ધરાવે છે. સામાન્ય રીતે દર વર્ષે ઓગષ્ટ/સપ્ટેમ્બર માસમાં સૂરત શહેરમાં તમામ મિલકતોનાં મિલકતવેરા/શિક્ષણ ઉપકરનાં વેરાનાં બીલો જે તે કરદાતાઓને મોકલવામાં આવે છે. આ બીલની બીલ તારીખનાં ૧૫ દિવસમાં જો રકમ ભરપાઈ ન થાય તો ૧૮% વ્યાજ વસુલ લેવામાં આવે છે. આ સંજોગોમાં જે કરદાતાઓ ચાલુ સરકારી વર્ષનાં માંગણાનાં બીલો પહોંચાડવામાં આવે તે પહેલા વેરાની રકમ ચૂકવી આપે તો પ્રોત્સાહન રૂપે એપ્રિલ માસમાં ૧૦% અને મે માસમાં ૭% મિલકતવેરાની રકમમાંથી વળતર રૂપે બાદ આપી વેરા વસુલ કરવામાં આવે છે.

આ યોજનાથી કરદાતાઓને ફકત ૩ થી ૪ માસ પહેલાં વેરા ભરપાઈ કરવાની સામે ૧૦% અને ૭ % જેટલી વેરાની રકમ ઓછી ભરવી પડે છે. કોઈ કારણોસર વેરાની રકમ સમયસર ભરપાઈ ન થઈ શકે તો ૧૮% વ્યાજ દંડમાંથી મુકિત મળે છે. બીજી બાજુ સુરત મહાનગરપાલિકાને કોઈપણ પ્રકારનાં વધારાનાં વહીવટી ખર્ચ કર્યા વગર સમયસર ખૂબ મોટી રકમની વેરાની આવક એપ્રિલ અને મે માસમાં થાય છે.

આ રીબેટ (વળતર) મેળવવા બાબત સામાન્ય કરદાતાઓની મિલકતથી માંડી કેન્દ્ર તેમજ રાજય સરકારની મિલકતો, ડાઈંગ પ્રિન્ટીંગ, મિલો અન્ય લીમીટેડ–પ્રાઈવેટ કંપની, મલ્ટીનેશન કંપનીઓ, બેંકો, બોર્ડ/નિગમ, ઔદ્યોગિક મોટા ગૃહો વગેરેનો સંપર્ક કરીને તેમજ તેમને કેટલી રકમ રીબેટ મળશે તે અંગે જાણ કરવામાં આવે છે. આ રીબેટ (વળતર) નાં કિસ્સામાં કેન્દ્ર તેમજ રાજય સરકારની મિલકતોનાં વેરા વર્ષઅંતે ગ્રાંટના અભાવે વસુલ ન થાય તેવા પ્રશ્નોનો પણ અંત આવે છે. સુરત મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિ વર્ષની શરૂઆતથી જ મજબૂત થાય છે.

હાલમાં એપ્રિલ–૨૦૦૫ માં ૩૦ દિવસમાં જ ૧૦ % વળતરની સ્કીમનો લાભ ૧,૧૬,૬૭૪ કરદાતાઓએ લીધો હતો. જેમાં રૂા.૩૧ કરોડ ૭૧ લાખની વસૂલાત થવા પામી છે. જયારે આગળના વર્ષે ૨૦૦૪ માં એપ્રિલ માસમાં ૧૦ % વળતરની સ્કીમનો લાભ ૬૮૫૪૩ કરદાતાઓએ લીધો હતો અને રૂા.૨૩ કરોડ ૯૪ લાખ ની વસૂલાત થવા પામી હતી. આમ દર વર્ષે ૧૦ % વળતરની રકમની યોજનાનો લાભ લેનારા કરદાતાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહયો છે.

હાલ મે માસમાં ૭ % રીબેટ આપવાની સ્કીમ ચાલે છે. તા.૩૧.૦૫.૦૫ સુધીનાં બાકીનાં ૧૫ દિવસ છે જેમાં કરદાતાઓ લાભ લઈ શકશે.

TOP

## શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં દોઢ લાખ વૃક્ષો ઉપરાંત વિવિધ પ્રકારનાં ફુવારાઓથી શહેર મનોરમ્ય, છાયા સુગંધમય બનશે.

શહેરના પર્યાવરણનું શુધ્ધિકરણ અને સાથે સાથે જ તેના સૌંદર્યનું જતન, નાગરિકો માટેની સગવડમાં ઉમેરો જેવી બાબતોની ખેવના માટે સુરત મહાનગરપાલિકા સતત આયોજનો કરતી રહે છે. આવા જ એક આયોજન પ્રમાણે હમણાં સુરત મહાનગરપાલિકાના શહેર હદ વિસ્તારમાં અંદાજીત ૮૫ કિ.મી.ની લંબાઈના રોડ ડિવાઈડરમાં વિધવિધ જાતના ૧,૭૦,૦૦૦ જેટલા ફુલછોડના રોપાઓ રોપવામાં આવ્યા. નગરના જબરદસ્ત વિકાસ સાથે તે વૃક્ષમય રહે એવી પૂર્વ દ્રષ્ટિના આયોજનના કારણે પાંચ લાખ જેટલ વૃક્ષો શહેરને છાયા અને પુષ્પો આપતા જ હતા તેનાં શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં દોઢ લાખ જેટલા છાયાવૃક્ષ અને પુષ્પવૃક્ષો ઉમેરાતાં આવનારા વર્ષોમાં શહેર જાણે કુંજગલીમાં ફેરવાશે એવું નાગરિકો અનુભવી રહયા છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન જ શહેરના રોડ જંકશન પરના ૬૦ સર્કલ્સ તેમજ ૧૨૦ જેટલા ચેનલાઈઝર્સમાં લગભગ ૪૦,૦૦૦ જેટલા સુશોભિત પુષ્પોના રોપાઓ ઉમેરાય તે માટેની તૈયારી પણ થઈ ચૂકી છે.

શહેરમાં બાગો વધે તેની સાથે પ્રકૃતિના જળતત્વની બચતની દ્રષ્ટિ રાખી મહાનગરપાલિકાના ૨ બગીચાઓમાં સ્પ્રીંકલર ઈરીગેશન સિસ્ટમ બેસાડવામાં અવી છે અને આ વર્ષ દરમ્યાન જ અંદાજે ૧ લાખ ચો.મી. વિસ્તારના બાગમાં આ સિસ્ટમ વિસ્તારાશે કે જેથી પાણીની બચત સાથે બાગના વૃક્ષો, છોડવાઓ પોષતા રહે.



શહેર વિસ્તરતું જાય તેની સાથે જ નાગરિક સુવિધા અને પર્યાવરણ શુધ્ધિ થતી રહે તે હેતુથી વર્ષ ૨૦૦૪ સુધીમાં મહાનગરપાલિકાએ નાના–મોટા મળી કુલ ૫૮ બાગબગીચાઓ તો તૈયાર કર્યા જ હતા તેમાં હવે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની સોગાદરૂપે વધુ ૧૫ બગીચાઓ શહેરના નાગરિકોને સમર્પિત થવામાં છે. બાગબગીચાઓ વધારવા સાથે સાથે જ વરિષ્ઠ નાગરિકો માટેની વિશીષ્ટ કાળજીના હેતુથી ૬ જેટલા શાંતિવન પણ તૈયાર કરાયા છે. શહેરના આંતર–બ્રાહય રૂપની કાળજીના હેતુથી ૨ મ્યુઝીકલ ડાન્સીંગ રંગીન ફુવારાઓ અને ૧૨ જેટલાં વોટર ફાઉન્ટેઈન પણ કેટલાક બગીચાઓને શોભાવી રહયા છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન વધુ ૧૨ બગીચાઓમાં વિવિધ પ્રકારનાં ૧૪ ફુવારાઓ ઉમેરાય જશે. એટલું જ નહીં અત્યારે જે બગીચાઓ છે તે પૈકીના જ ૧૦ બગીચાઓમાં વરિષ્ઠ નાગરિકો માટે વર્તમાનપત્રો અને મેગેઝીન કોર્નરો પણ તૈયાર થઈ રહયાં છે. વરિષ્ઠ નાગરિકોની જેમ બાળ નાગરિકો માટે પણ જરૂરી આયોજનની દ્રષ્ટિથી શહેરનો ૧ બગીચો ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેનીંગ પાર્ક તરીકે વિકાસાવાશે કે જેથી આજની વધતી જતી ટ્રાફિક સમસ્યામાં ટ્રાફિક નિયમોનું જ્ઞાન તેના ઘડતરનો હિસ્સો બને. આવા જ એક અન્ય આયોજનના ભાગરૂપે શહેરના ૨ મોટા ભાગોમાં બાળકો માટે જે ૨ સ્કેટીંગ રીંગ્સ છે તેમાં વધુ બે બગીચાઓ શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં સ્કેટીંગ રીંગવાળા થશે.



વૃક્ષો સાથેનો વન સાથેનો નાતો સઘન બને, સભાન બને અને જાણકારીમય બને એવા હેતુથી વીત્યા ૩ વર્ષથી સુરત મહાનગરપાલિકા રાષ્ટ્રીય કક્ષાના બાગાયત મેળાનું આયોજન તો કરે જ છે. આ મેળાના આયોજનના પરિણામે શહેરના નાગરિકો પોતાના ઘરઆંગણે કિચન ગાર્ડનો, વૃક્ષઉછેર અને ઉદ્યાન વિકાસ તરફ દોરવાઈને વધી રહેલા પ્રકૃતિ પ્રેમની પ્રતીતિ કરાવી રહયા છે આ વધતો પ્રકૃતિપ્રેમ શહેરની હવામાં તાજપતા ઉમેરવા સાથે પ્રદુષિતતા દૂર કરી રહયો છે. મહાનગરપાલિકાએ 'સુમન નર્સરી' વડે નગરજનોને તેમના બાગબગીચાઓમાં ફુલછોડના રોપાઓ રાહત દરે મળે તેવી વયવસ્થા ગોઠવી છે. મોટી સંખ્યામાં નાગરિકો તેનો લાભ ઉઠાવી રહયા છે. તેથી મહાનગરપાલિકાના સાર્થકતા અનુભવે છે. આવનારા દિવસોમાં વિવિધ જાતનાં આર્યુવૈદિક/ઔષધીય રોપાઓ તેમજ વિધવિધ પ્રકારનાં બાગબગીચાઓ અંગેની વૈજ્ઞાનિક માહિતી નગરજનો સુધી પહોંચાડવા અંદાજે ૧,૪૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં અદ્યતન "બોટનીકલ ગાર્ડન" વિકસાવવા માટેનું આયોજનની દિશામાં પણ મહાનગરપાલિકા સક્રિય છે.

TOP